૯૦૦ કિલો ઘી નકલી નીકળ્યું

કિલોએ રૂ.300માં વેચાતું ઘી ભેળસેળયુક્ત નીકળ્યું

વનસ્પતિ ફેટ અને સોયાબીન તેલમાં ફ્લેવર ભેળવી શુદ્ધ ગાયના ઘીના નામે વેચાણ

સુરતમાં 'સાહસ પ્રીમિયમ'ના નામે એક મહિનાથી ચાલતું હતું કારખાનું

લેબ રિપોર્ટમાં વનસ્પતિ ફેટની હાજરી

ઘીના નમૂનાના પરીક્ષણમાં બીટા-સીટોસ્ટેરોલની હાજરી મળી આવી હતી, જે વનસ્પતિ ફેટની ભેળસેળ તરફ નિર્દેશ કરે છે. પરિણામે ઘી શુદ્ધ ગાયના દૂધની ચરબીમાંથી તૈયાર થયું હોવાના દાવા સામે સવાલ ઊભા થયા છે. આ કેસમાં સન્ની કલ્પેશ મોદી, કિશન મનોજ મોદી અને કલ્પેશ સુંદરલાલ મોદીની અટકાયત કરવામાં આવી હોવાનું જણાવાયું છે. આ કારખાનું છેલ્લા એક મહિનાથી ચાલતું હોવાની વિગતો પણ સામે આવી છે. હવે જપ્ત કરાયેલા 900 કિલો ઘીનો કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નાશ કરવામાં આવશે. તહેવારોમાં ઘી અને મીઠાઈની ખરીદી કરતા ગ્રાહકો માટે આ કિસ્સો ચેતવણીરૂપ બન્યો છે.

40 ગ્રામ ફ્લેવરમાંથી 1500 કિલો ઘી તૈયાર કરવાનો ખેલ

તપાસમાં સામે આવેલી વિગતો મુજબ વનસ્પતિ ઘી અને રિફાઇન્ડ સોયાબીન તેલના મિશ્રણમાં ગાયના ઘી જેવી સુગંધ લાવવા ખાસ ફ્લેવરનો ઉપયોગ થતો હતો. આ ફ્લેવર દિલ્હીથી ઓનલાઈન મંગાવવામાં આવતું હતું. માત્ર 40 ગ્રામ ફ્લેવરથી આશરે 1500 કિલો જેટલું ડુપ્લિકેટ ઘી તૈયાર કરવામાં આવતું હોવાની વિગતો સામે આવી છે.

સુરતઃ તહેવારોની સિઝન પહેલાં જ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા નકલી ઘીના કૌભાંડનો પર્દાફાશ થયો છે. સુરતના ઉત્રાણ વિસ્તારમાં ગત 11 ઓક્ટોબરે સુરત મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી વિભાગ અને પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં જપ્ત કરાયેલા 'સાહસ પ્રીમિયમ કાઉ ઘી'ના 900 કિલો જથ્થાના નમૂના લેબોરેટરી ટેસ્ટમાં નકલી અને હલકી ગુણવત્તાના હોવાનું સામે આવ્યું છે. માત્ર રૂ.300 પ્રતિ કિલોના ભાવે વેચાતું આ ઘી શુદ્ધ ગાયના ઘીના નામે ગ્રાહકોને પધરાવવામાં આવતું હતું.

ફૂડ વિભાગને મળેલી બાતમીના આધારે પાડવામાં આવેલા દરોડામાં કુલ રૂ.12 લાખથી વધુની કિંમતનો ઘી, વનસ્પતિ ઘી, સોયાબીન તેલ, પાઉચ અને અન્ય સામગ્રીનો જથ્થો જપ્ત કરાયો હતો.

તેમાં રૂ.5.40 લાખની કિંમતના 900 કિલો પેકિંગવાળા ઘી ઉપરાંત રૂ.4.74 લાખની કિંમતનો 795 કિલો છૂટક ઘીનો જથ્થો પણ સામેલ હતો. મિશ્રણ તૈયાર કરવા માટે વપરાતાં મશીનો અને સાધનો પણ કબજે કરાયાં હતાં.

ભેસ્તાનમાં નળમાંથી જીવાતો નીકળી
રાંદેરમાં ગંધાતા પાણીથી લોકો ત્રાહિમામ

રાંદેરમાં દૂષિત પાણીથી રોગચાળાનો ખતરો

રાંદેર ટાઉન વિસ્તારમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સામે આવી છે. અહીં આવેલી રસુલભાઈ જમાદાર સ્ટ્રીટ, મોટી મસ્જિદની સામે, મીઠેખાન સ્ટ્રીટ, કિનારા સ્ટ્રીટ, આમલીપુરા તેમજ આસપાસના વિસ્તારોમાં છેલ્લા એક અઠવાડિયાથી અત્યંત ગંદુ, પીળા રંગનું અને લીલવાળું પાણી સપ્લાય થઈ રહ્યું છે. સતત દૂષિત પાણીની સમસ્યાથી કંટાળેલા રાંદેર ટાઉનના રહીશોએ મહાનગરપાલિકા તંત્ર સામે વિરોધ દર્શાવીને તાત્કાલિક ધોરણે આ સમસ્યાનો ઉકેલ લાવવા અને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા માટે ઉગ્ર માંગણી કરી છે, જેથી કરીને વિસ્તારમાં રોગચાળો વધુ ન ફેલાય.

નદીમાં પાણીની ગુણવત્તા વધારવા ઉકાઇ ડેમમાંથી 1500 ક્યુસેક પાણી છોડવું પડ્યું

સુરત : સેવન સ્ટાર વોટર પ્લસ સીટીનો દરજ્જો ધરાવતા સુરતમાં છેલ્લા થોડા સમયથી પાણીની સમસ્યા વધવા માંડી છે. જુદા જુદા વિસ્તારમાંથી ગંધાતા પાણી અને ઓછા પ્રેસરની બુમ વચ્ચે હવે ભેસ્તાન વિસ્તારમાં આવેલી શાંતિવન સોસાયટી, EWS-55 આવાસ તેમજ હળપતિવાસ જેવા શ્રમિક વિસ્તારોમાં પરિવારોના ઘરોમાં નળ ખોલતાં જ ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી આવી રહ્યું છે. સ્થાનિક લોકોએ પારદર્શક બોટલોમાં ભરેલા પીવાના પાણીમાં જીવાતો સ્પષ્ટપણે તરતી જોવા મળી રહી છે. પાલિકા તંત્રને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નહોતો. નાગરિકોના આક્રોશને પગલે પાલિકાના શાસક પક્ષ અને હાઇડ્રોલિક વિભાગે તાત્કાલિક ગંભીરતા દાખવીને એક્શન મોડમાં કામગીરી શરૂ કરી છે. અધિકારીઓની અલગ-અલગ ટીમો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ફરીને પાણીના સેમ્પલો લેવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જે કામગીરી આવતીકાલે પણ સતત જારી રહેશે.

હાલ તાપી નદી પરના કોઝવેની સપાટી 5.59 મીટર પર છે અને તેમાં પૂરતો જળજથ્થો ઉપલબ્ધ છે, પરંતુ વધતી ગરમી અને જળચરી વનસ્પતિના લીધે પાણીની ગુણવત્તા બગડી હોવાનું સામે આવ્યું છે. જેથી ઉકાઈ ડેમમાંથી 1500 ક્યુસેક જેટલો પાણીનો જથ્થો નદીમાં છોડવામાં આવ્યો છે.

ઘલા ગામમાં લેન્ડગ્રેબિંગના કેસમાં જામીન મંજૂર કરાયા

સુરતઃ કામરેજના ઘલા ગામ વિસ્તારમાં જમીન પચાવી પાડવાના ચકચારભર્યા કેસમાં આરોપી મોહમદ ઉમરખાન તૈયબખાન પઠાણને સ્પેશ્યલ લેન્ડ ગ્રેબિંગ કોર્ટ દ્વારા શરતોને આધીન રેગ્યુલર જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. તારીખ ૫ર ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ફરીયાદી દ્વારા ઘલાગામ (કામરેજ, સુરત ગ્રામ્ય) ખાતે જમીન પચાવી પાડવા બાબતે આરોપી મોહમદ ઉમરખાન તૈયબખાન પઠાણ વિરુદ્ધ કામરેજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો. આરોપી દ્વારા જામીન મેળવવા માટે જાણીતા એડવોકેટ-ઝકી મુન્શીયાર શેખ, યાહયા મુન્શીયાર શેખ તથા આરીફ બેલીમ મારફતે અરજી કરવામાં આવેલ હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળીને આરોપીને જામીન મંજૂર કર્યા હતા.

કામ કરતી વખતે મશીનમાં દુપટ્ટો ફસાઇ જતાં યુવતીનું મોત

સુરત : વેડરોડ વિસ્તારમાં આવેલા રહેમતનગરમાં રહેતી પૂજાકુમારી ભરતભાઇ મહાલ (ઉ.વ.20) પંડોળના કૃષ્ણ ઇન્ડસ્ટ્રિયલમાં આવેલા કારખાનામાં કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. દરમિયાન ગત તા.10મીના રોજ રાત્રે તે મશીન પર રોલ પોલિશનું કામ કરી રહી હતી, ત્યારે અચાનક તેનો દુપટ્ટો મશીનમાં ફસાઇ ગયો હતો. જેના કારણે તેનું ગળું દબાઈ જતાં સારવાર દરમિયાન મોત થયું હતું.

પ્રેમ પ્રકરણમાં યુવતીનો ઝેર પી આપઘાત

સુરતઃ મૂળ બોટાદ જિલ્લાના વતની મુકેશભાઇ તલસાણીયા હાલ હીરાબાગ વિસ્તારમાં આવેલા હિમતનગરમાં પરિવાર સાથે રહે છે. તેને મોંનું કેન્સર હોવાથી તે ઘરમાં સમયથી ઘરે જ બેસી રહેતા હતા. જ્યારે તેમના સંતાન પૈકી 29 વર્ષીય કોમલ સ્ટોન ચોંટાડવાનું કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. કાલે રાત્રે કોમલે ઘરમાં ઝેર પી લીધું હતું. બનાવની જાણ થતાં પરિવારજનો તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે કોમલને મૃત જાહેર કરી હતી. કોમલે પ્રેમ-પ્રકરણમાં આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાનું પરિવારે જણાવ્યું હતું.

બીમારીથી કંટાળીને તરુણીએ ફાંસો ખાધો

સુરતઃ મૂળ ભાવનગરના વતની ર ત ન ક લ ા ક ા ર ભરત મોરડીયા હાલમાં પુણાગામ કારગીલ ચોક પાસે આવેલી મારુતિધામ સોસાયટીમાં રહે છે અને રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની 16 વર્ષીય પુત્રી વિશ્વા વિશ્વાએ ઘરના રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પોલીસની તપાસમાં વિશ્વાએ માનસિક બીમારીથી કંટાળીને આપઘાતનું પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

જીઆવ રોડ ઉપર ડોર ટુ ડોર ગાર્બેજના કર્મચારીઓનાં ઝૂંપડાંમાં આગ લાગી

સામાન્ય શોર્ટ સર્કિટ બાદ આગ ફેલાઈ જતાં એક બાદ એક ચાર ઝૂંપડાં આગની લપેટમાં

સદનસીબે આગ લાગી ત્યારે કોઈ હાજર નહોતું, મોટા ભાગની ઘરવખરી બળીને ખાખ થઈ

સુરતઃ ઉન પાટિયા જીઆવ રોડ પર શુક્રવારે સવારે ઝૂંપડાંમાં આગ ભભૂકી ઊઠતાં ભાગદોડ મચી ગઈ હતી. શોર્ટ સર્કિટ થતા લાગેલી આગમાં એકસાથે ચાર ઝૂંપડાં આગની લપેટમાં આવી ગયાં હતાં.

પ્રાપ્ત જાણકારી મુજબ ઉન પાટિયા જીઆવ ગામ રોડ ખાતે સાઈ નગર વસાહત આવેલી છે. અહીં એસએમસીમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્ટ કરતા કર્મચારીઓ માટે કાચાં પતરાંનાં ઝૂંપડાં બનાવવામાં આવ્યાં છે. શુક્રવારે સવારે 11 કલાકે તેમાં અચાનક આગ લાગી ગઈ હતી. પહેલાં એક ઝૂંપડાંમાં લાગેલી આગ ધીરે-ધીરે ફેલાવા લાગતાં એક પછી એક એમ કરીને ચાર જેટલાં ઝૂંપડાં આગની ઝપેટમાં આવી ગયાં હતાં. સ્થાનિકો બનાવની જાણ કરતાં ભેસ્તાન ફાયર બ્રિગેડનો કાફલો તુરંત જ સ્થળ ઉપર દોડી ગયો હતો.

ફાયર સબ ઓફિસર દિનેશ પટેલે જણાવ્યું હતું કે, આગ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ થવાને કારણે લાગી હતી. જેના કારણે કર્મચારીઓએ તેમનાં ઝૂંપડાંમાં રાખેલી મોટા ભાગની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. આગ લાગી ત્યારે સદનસીબે કોઈપણ કર્મચારી હાજર ન હોવાથી કોઈને ઈજા કે જાનહાનિ થઈ ન હતી. આગ એકાદ કલાકની જહેમતે કાબૂમાં આવી હોવાનું ફાયર બ્રિગેડનાં સૂત્રોએ જણાવ્યું હતું.

3000 એફિલ ટાવરના વજન જેટલું 30 મિલિયન ટન હોટ મેટલ હજીરા AM/NSએ બનાવ્યું

સુરતઃ આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડિયા (AM/NS India)ના હજીરા સ્થિત સ્ટીલ પ્લાન્ટે ઔદ્યોગિક ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. વર્ષ 2010માં શરૂ થયેલી બ્લાસ્ટ ફર્નેસે અત્યાર સુધીમાં કુલ 30 મિલિયન ટન એટલે કે ત્રણ કરોડ ટન હોટ મેટલનું ઉત્પાદન પૂર્ણ કર્યું છે. આ વિશાળ ઉત્પાદન આશરે 3,000 એફિલ ટાવરના વજન બરાબર છે. ફર્નેસની મૂળ વાર્ષિક ડિઝાઇન ક્ષમતા 17.5 લાખ ટન હતી, પરંતુ સતત ટેક્નોલોજિકલ સુધારા, કાર્યક્ષમ સંચાલન અને કર્મચારીઓની મહેનતના પરિણામે તેને વાર્ષિક 20 લાખ ટનથી વધુ ઉત્પાદનનું સ્તર પણ હાંસલ કર્યું છે. બ્લાસ્ટ ફર્નેસમાં આયર્ન ઓરને હોટ મેટલમાં રૂપાંતરિત કરવામાં આવે છે. ત્યારબાદ તેને સ્ટીલ મેલ્ટિંગ શોપમાં સ્ટીલમાં ફેરવી સ્ટીલ બનાવવામાં આવે છે. આ સ્ટીલનો ઉપયોગ બાંધકામ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઊર્જા, એન્જિનિયરિંગ, ઉત્પાદન અને પરિવહન સહિતનાં ક્ષેત્રોમાં થાય છે. આ સિદ્ધિ હજીરા પ્લાન્ટની ઉત્પાદનક્ષમતા અને કાર્યકારી વિશ્વસનીયતાનું પ્રતીક છે. સાથે જ ગુજરાતના ઔદ્યોગિક વિકાસ અને દેશની સ્ટીલ ઉત્પાદન ક્ષમતાને મજબૂત બનાવવામાં સુરતની વધતી ભૂમિકાને પણ ઉજાગર કરે છે.

કાપોદ્રામાં વૃક્ષ અને ઈલેક્ટ્રિક પોલ પડતાં મોપેડનો કચ્ચરઘાણ વળી ગયો

સુરતઃ શુક્રવારે વહેલી સવારે કાપોદ્રા સ્થિત મમતા પાર્ક વિભાગ-૩ મેન રોડ પર અચાનક એક મોટું ઝાડ ધરાશાયી થઈને રસ્તા પર પડ્યું હતું. ઝાડ પડવાની સાથે જ નજીકમાં આવેલો ઈલેક્ટ્રિકનો થાંભલો પણ તેની ઝપેટમાં આવી જતાં જમીનદોસ્ત થયો હતો.

આ થાંભલા નીચે પાર્ક કરેલી એક એક્ટિવા પર પડતા વાહનને ભારે નુકસાન પહોંચ્યું હતું. વહેલી સવારનો સમય હોવાથી રસ્તા પર અવરજવર ઓછી હતી. જેના કારણે મોટી હોનારત અને જાનહાનિ ટળી ગઈ હતી.

ઘટના અંગે સ્થાનિકોએ જીઇબીના અધિકારીઓને જાણ કરતા જીઇબીની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને વીજ પુરવઠો બંધ કરી થાંભલો હટાવવા સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અન્ય યુવાન સાથે લગ્ન કરી લેતા પૂર્વ પ્રેમીએ યુવતીને ત્રાસ આપ્યો

ફાર્મા કંપનીમાં એમઆર તરીકે કામ કરતી યુવતીની ફરિયાદને પગલે પૂર્વ પ્રેમી રિતિક મિશ્રા સામે ગુનો નોંધાયો

સુરતઃ સુરતના અલથાણ-ભટાર રોડ વિસ્તારમાં રહેતી અને ફાર્મા કંપનીમાં મેડિકલ રિપ્રેઝન્ટેટિવ તરીકે નોકરી કરતી ૨૮ વર્ષીય યુવતી સાથે દુષ્કર્મ, છેતરપિંડી અને બ્લેકમેઈલિંગનો મામલો સામે આવ્યો છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે, યુવતી વર્ષ ૨૦૨૧ માં જે કંપનીમાં નોકરી કરતી હતી, ત્યાં આરોપી રિતિક કુમાર નવીન મિશ્રા કામ પર આવ્યો હતો. વર્ષ ૨૦૨૩ થી બંને વચ્ચે મિત્રતા બંધાઈ હતી. જોકે, આરોપીનું વર્તન ખરાબ જણાતા યુવતીએ ડિસેમ્બર ૨૦૨૫ થી તેની સાથેના સંબંધો તોડી નાખ્યા હતા. યુવતીએ ગત ૧૦ એપ્રિલ ૨૦૨૬ ના રોજ પોતાના ૧૪ વર્ષ જૂના મિત્ર સાથે કોર્ટ મેરેજ કરી લીધા હતા અને તેના ફોટોગ્રાફ્સ પણ રિતિકને મોકલી દીધા હતા. લગ્ન બાદ પણ રિતિક તેને અવારનવાર ફોન કરી હેરાન કરતો હતો. ગત ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરે તેણે ફોન પર અસભ્ય માંગણી કરી હતી અને યુવતીએ ના પાડતાં તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીએ ઉશ્કેરાઈને સીધા યુવતીના પતિને ફોન કરીને તેમના ભૂતકાળના સંબંધો વિશે માહિતી આપી દીધી હતી, જોકે યુવતીએ અગાઉ જ પોતાના પતિને આ અંગે સત્ય જણાવી દીધું હતું. વારંવાર ફોન કરી ગંદી ગાળો આપી માનસિક ત્રાસ આપતા આખરે પીડિતાએ કંટાળીને આરોપી રિતિક મિશ્રા વિરુદ્ધ કાયદેસર ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

નેત્રંગની વીર રેસિડેન્સીમાં પ્લોટ હોલ્ડરો સાથે ઠગાઈમાં એક પકડાયો

ક્રાઈમ બ્રાંચે ગઠિયા દિલીપ શાહની ધરપકડ કરી, પરેશ શાહની શોધખોળ શરૂ

સુરત : કામરેજના નેત્રંગ ખાતે વ્યાજબી ભાવે રહેણાંક પ્લોટ અપાવવાની લાલચ આપીને ૧૭ નાગરિકો પાસેથી રૂપિયા ૧.૦૪ કરોડની માતબર રકમ પડાવી લઈ દસ્તાવેજ ન કરી આપી વિશ્વાસઘાત આચરવાના મામલે સુરત ક્રાઈમ બ્રાંચે નિવૃત્ત હીરા વેપારીની ફરિયાદના આધારે બે સગા ભાઈઓ સામે ગુનો નોંધી એક ભાઈની ધરપકડ કરી લીધી છે.

અડાજણ નવયુગ કોલેજ પાસે આવેલા પાર્શ્વદર્શન કોમ્પ્લેક્સમાં રહેતા ૬૦ વર્ષીય નિવૃત્ત હીરા વેપારી ભૂપેન્દ્રકુમાર રમેશચંદ્ર શાહે પોતાની સાથે કામરેજના નેત્રંગ ખાતે રેવન્યુ સર્વે નં. ૭૧/૧, બ્લોક નં. ૯૦ વાળી જમીનમાં 'વીર રેસિડેન્સી'માં પ્લોટના નામે રૂપિયા 1.04 કરોડની છેતરપિંડી થઈ હોવાની પોલીસ ફરિયાદ કરી હતી. ભૂપેન્દ્રભાઈએ અલગ-અલગ સાઈઝના ૨૫ પ્લોટ ખરીદવાનું નક્કી કરી બાના પેટે ચેક મારફતે રૂપિયા ૨૬.૫૦ લાખ તેમજ તેમના સગાસંબંધીઓએ પણ પ્લોટ ખરીદવા માટે રૂપિયા ૭૭.૮૦ લાખ ચૂકવી આપ્યા હતા. આમ, બંને ભાઈઓએ મળીને કુલ રૂપિયા ૧.૦૪ કરોડ એકત્ર કરી લીધા હતા. જોકે, બાદમાં છેતરપિંડી થયાની ખબર પડતાં ભૂપેન્દ્ર શાહે નોંધાવેલી ફરિયાદને પગલે ક્રાઈમ બ્રાંચે દિલીપ હરીલાલ શાહ (ઉ.વ. ૬૯, રહે. પીપલોદ) અને પરેશ હરીલાલ શાહ (રહે. વીઆઈપી રોડ, વેસુ) વિરુદ્ધ ગુનો નોંધી પી.આઈ. જાડેજાની ટીમે દિલીપ શાહની ધરપકડ કરી છે, જ્યારે ફરાર પરેશ શાહને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

જાહેરમાં શૌચ કરવાની ના પાડતાં પેટ્રોલપંપના મેનેજર પર હુમલો

જહાંગીરપુરાના નાયરા પેટ્રોલપંપ પાસે ટોઇલેટમાં તાળું હોવાથી જનરેટર પાસે પેશાબ કરવા બેસેલી મહિલાને ટોકતાં માર મરાયો

સુરતઃ જહાંગીરપુરા વિસ્તારમાં આવેલા પેટ્રોલ પંપ પર ખુલ્લામાં પેશાબ કરવાની ના પાડવા જેવી બાબતે ઉશ્કેરાયેલાં તત્ત્વોએ પંપના મેનેજર સાથે ઝઘડો કરી તેમના પર હુમલો કરી દીધો હતો.

જહાંગીરપુરામાં સ્વયંમ બિલ્ડિંગમાં રહેતા અને ઇમ્પીરીયલ બ્રિજ પાસે આવેલા યશ નાયરા પેટ્રોલ પંપમાં મેનેજર તરીકે ફરજ બજાવતા અભિષેક હર્ષવર્ધનભાઈ જોશી (ઉ.વ.૪૧) તા.૨૨ ઓક્ટોબરના રોજ સવારે નોકરી પર હાજર હતા. સવારે આશરે સવા સાતેક વાગ્યે એક મોપેડ અને એક મોટરસાઇકલ પર ત્રણ પુરુષો અને એક મહિલા આવ્યાં હતાં. મહિલા ટોઇલેટમાં તાળું મારેલું હોવાથી, તે મહિલા જનરેટરની બાજુમાં દીવાલ પાસે શૌચ કરવા બેસી ગઈ હતી. આ બાબત ધ્યાને આવતાં મેનેજર અભિષેકભાઈએ મહિલાને કહ્યું હતું કે, અહીં કેમેરા લાગેલા છે, શૌચ કરવાની આ જગ્યા નથી. ચાવી મારી પાસે આવીને માંગી લેવી જોઈતી હતી.

આ સાંભળી મહિલાએ ધમકી આપી હતી. જ્યારે તેની સાથે આવેલા પુરુષો પૈકી એકે હાથમાં પહેરેલું ધાતુનું કડું મેનેજરના માથામાં મારી દેતાં મેનેજરને પાંચ ટાંકા આવ્યા હતા. જહાંગીરપુરા પોલીસે આ મામલે બે અજાણ્યા પુરુષો અને મહિલા સામે ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે.

છેલ્લી તક, વિદેશી સંપત્તિ જાહેર કરો નહીં તો 7 વર્ષની જેલ થશે

આવકવેરા વિભાગે ફોરેન એસેટ્સ ડિસ્ક્લોઝર સ્કીમ 2026 જાહેર કરી

સુરતઃ વિદેશમાં સંપત્તિ કે રોકાણ ધરાવતા કરદાતાઓ માટે આવકવેરા વિભાગ તરફથી મોટી સ્કીમ જાહેર કરવામાં આવી છે. બ્લેકમની ડિસ્ક્લોઝર જેવી જ આ સ્કીમ ફોરેન ડિસ્ક્લોઝર સ્કીમ છે. આ સ્કીમ હેઠળ કરદાતાઓને પોતાની છુપાવેલી વિદેશી સંપત્તિ કે રોકાણને જાહેર કરવાની છેલ્લી તક આપવામાં આવી છે. આ સ્કીમ હેઠળ સંપત્તિ નહીં જાહેર કરનાર કરદાતાઓને ભવિષ્યમાં 300 ટકા સુધીનો દંડ અથવા 7 વર્ષ સુધીની જેલ થશે. સુરત શહેર કે જ્યાં મોટી સંખ્યામાં ડાયમંડ અને ટેક્સટાઈલ વેપારીઓના પરિવારજનો અને વિદ્યાર્થીઓ વિદેશમાં સ્થાયી છે, તેમના માટે આવકવેરા વિભાગે મોટી રાહત આપી છે.

વિદેશમાં રહેલી અજાહેર સંપત્તિને જાહેર કરવા માટે કેન્દ્ર સરકારે ફોરેન એસેટ્સ ઓફ સ્મોલ ટેક્સપેયર્સ ડિસ્ક્લોઝર સ્કીમ 2026 શરૂ કરી છે અને તેનું ફુઝર મેન્યુઅલ પણ E-Pay Tax પોર્ટલ પર મૂકી દીધું છે. સુરતના ઘણા નાના કરદાતાઓએ અજાણતામાં તેમના બાળકોના વિદેશી બેંક ખાતા, સ્ટોક, કે NRI સંબંધી દ્વારા મળેલી ગિફ્ટ કે પ્રોપર્ટી ITRના શિડ્યુઅલ FA માં દર્શાવી નથી.

કરદાતાએ આ સ્કીમનો લાભ લેવા માટે incometax.gov.in પર લોગિન કરી E-Pay Tax Foreign Assets Disclosure Scheme 2026 વિકલ્પ પર જઈ પોતાની વિદેશી સંપત્તિની વિગતો ભરી, લાગુ પડતો ટેક્સ અને ફી ઓનલાઈન ભરવાની રહેશે.

કૌટુંબિક ભત્રીજા દ્વારા કાકા સાથે રૂપિયા ૨૯.૧૦ લાખની ઠગાઈ

સુરત : ડભોલીની બાલાજીનગર સોસાયટીમાં રહેતા અને મૂળ અમરેલીના સરસીયા ગામના વતની રમેશભાઈ મુળજીભાઈ ગોહિલ (ઉ.વ.૬૩) કડિયા કામ કરીને પરિવારનું ભરણપોષણ કરે છે. ગત નવેમ્બર ૨૦૨૪ દરમિયાન તેમના કૌટુંબિક ભાઈના દીકરા સૌરવ મુકેશભાઈ ગોહિલે બાંધકામના ધંધામાં રોકાણના નામે ગત ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન આંગડિયા તેમજ બેંક ખાતા મારફતે તબક્કાવાર કુલ રૂપિયા ૪૩,૦૦,૦૦૦ રમેશભાઈ પાસેથી લઈ લીધા હતા. રમેશભાઈએ પરત માંગતા શરૂઆતમાં સૌરવે અમુક રકમ એટલે કે રૂપિયા ૧૩,૮૯,૪૭૬ પરત ચૂકવ્યા હતા, પરંતુ બાકીની રકમ નહીં આપતાં રમેશભાઈએ સૌરવ ગોહિલ સામે રૂ. ૨૯,૧૦,૫૨૪ ની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.
CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસ: મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઈપ રોડ, રૂપારેલ કોલેજની નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
બ્રાન્ચ ઓફિસ: મૂથૂટ હોમફિન (I) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત - 395009.

એપેન્ડિક્સ-IV-A [રૂલ 8(6)ની જોગવાઈઓ જુઓ] પ્રાઈવેટ ટ્રીટી કમ વેચાણ માટેની જાહેર નોટિસ

ઋણ લેનાર પાસેથી લેણી રકમની વસૂલાત માટે સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ સિક્યોર્ડ અસ્કયામતનો કબજો લીધા બાદ, નીચે વર્ણવેલ અચલ મિલકત જે કબજામાં છે તેને ખરીદવા માટે સીલબંધ કવરમાં નીચે સહી કરનાર દ્વારા ઓફરો મંગાવવામાં આવે છે, 'જે જ્યાં છે ત્યાંના ધોરણે', 'જેવું છે તેમજના ધોરણે' અને 'જે કંઈ પણ છે તેજના ધોરણે' વેચવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છે:-

ક્રમ	ઋણ લેનારા/સહ-ઋણ લેનારા/ગેરંટરો/લોન એકાઉન્ટ નંબર/શાખા	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	અચલ મિલકતનું વર્ણન	અનામત કિંમત	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના 10%)
1.	મુન્નાલાલ રામુમાઈ કહાર / સરોજબેન મુન્નાલાલ કહાર / 004-00406223 / સુરત	18 ફેબ્રુઆરી, 2025 રૂ. 5,31,403/- રૂપિયા પાંચ લાખ એકત્રીસ હજાર ચાર સો ત્રણ માત્ર.	ફ્લેટ નં. A/305, ત્રીજો માળ, બ્લોક નં. 88/B, શિવ કમલ રેસિડેન્સી, બિલ્ડિંગ નં. A, સાઈ દીપ રેસિડેન્સી, સુરત બારડોલી રોડની સામે, આરાધના ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ પાસે, જોલવા, પલસાણા, સુરત, લેન્ડમાર્ક ગાર્ડન સિટી પાસે, જોલવા ગામ રોડ. જિલ્લો સુરત, રાજ્ય ગુજરાત, પિનકોડ 394310. દિશાઓ: ઉત્તર: સોસાયટી રોડ, દક્ષિણ: B વિંગ, પૂર્વ: ખુલ્લો પ્લોટ, પશ્ચિમ: સોસાયટી રોડ	રૂ. 2,00,000/- રૂપિયા બે લાખ માત્ર.	રૂ. 20,000/- રૂપિયા વીસ હજાર માત્ર.

1. હરાજી 'જે જ્યાં છે ત્યાં' અને 'જેવું છે તેમ'ના ધોરણે યોજાઈ રહી છે.
2. હરાજી વેચાણના વિગતવાર નિયમો અને શરતો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સામેલ છે, જે ઉપરોક્ત પ્રાદેશિક કાર્યાલય પર ઉપલબ્ધ છે.
3. 'મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ'ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD સાથે નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 12 નવેમ્બર, 2026ના રોજ બપોરના 4.00 વાગ્યા સુધી ઉપરોક્ત દર્શાવેલ સરનામે પ્રાદેશિક કાર્યાલય ખાતે છે. જે ટેન્ડરો સંપૂર્ણપણે ભરેલા ન હોય અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયા હોય તેમને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. અચલ મિલકતની નિરીક્ષણની તારીખ 11 નવેમ્બર, 2026ના રોજ બપોરના 1.00 વાગ્યાથી બપોરના 3.00 વાગ્યા સુધી છે.
5. મિલકત માટે બિડ/ઓફર હરાજીની તારીખ ખોલવાની તારીખ 13 નવેમ્બર, 2026ના રોજ ઉપર જણાવેલ શાખા કાર્યાલયના સરનામે બપોરના 1.00 વાગ્યે અધિકૃત અધિકારી દ્વારા કરવામાં આવશે.
6. MHIL કોઈપણ બાકી રહેલી વૈધાનિક નોટિસ અને બોજાઓ / કર લેણાં વગેરે, જો કોઈ હોય તો, તેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં અને રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બોલી લગાવનારે બોજા અને મિલકતના ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને જાતે તપાસ કરીને સંતુષ્ટ થવું જોઈએ.
7. સર્વોચ્ચ બોલી લગાવનાર MHIL લિમિટેડના અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ વગર પ્રાપ્ત થયેલ તમામ અથવા કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખે છે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. ઋણ લેનારાઓ/ગેરંટરોને હરાજીની તારીખ પહેલાં ઉપર જણાવેલ રકમ ચૂકવવા માટે SARFAESI એક્ટ, 2002 હેઠળ આથી 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં અચલ મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઋણ લેનાર વેચાણની તારીખ પહેલાં મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડને બાકી રકમ પૂરેપૂરી ચૂકવી દે છે, તો હરાજી રદ કરવાપાત્ર રહેશે. વધુ વિગતો માટે, ઉપર જણાવેલ કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ: અમર પાટીલ - 9737057744

તારીખ: 24 ઓક્ટોબર, 2026, સ્થળ: સુરત
સહી/- અધિકૃત અધિકારી, મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

ઈ-ટેન્ડર
જાહેર નિવિદા નં.૦૯/૨૦૨૬-૨૭
North Dang Forest Division

આથી રસ ધરાવતા કોંટ્રાક્ટર / ઈજારદારને જણાવવાનુ કે ઉત્તર ડાંગ વન વિભાગ હસ્તકના કાર્યક્ષેત્ર હેઠળ પરીક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી બરડીપાડા તથા શિંગાણા બનાવવાના કામે ઈ-ટેન્ડરીંગ પદ્ધતીથી યોગ્ય શ્રેણીનું રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદાર / કોંટ્રાકટરશ્રીઓને ઓનલાઈન www.tender.nprocure.com મારફત આમંત્રીત કરી,પોર્ટલ મારફત ટુ-બીડ કવર પદ્ધતીથી ભાવો મંગાવવામાં આવે છે, કામની રકમ ટેન્ડર ફી, ઈ.એમ.ડી.ટેન્ડર હેઠળના દસ્તાવેજો, ટેન્ડર સબમીશનની તારીખ વગેરેની વિગતવાર માહીતી ઉક્ત ઓનલાઈન પોર્ટલ પરથી જોઈ શકાશે, ટેન્ડર સંબધીત સુધારા - વધારા ઓનલાઈન જ કરવામાં આવશે, વિભાગીય કચેરી ખાતેથી કોઈપણ પ્રકારની માહીતી આપવામાં આવશે નહી.
કચેરીનું નામ અને સરનામુ..
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, ઉત્તર વન વિભાગ,
ડાંગ આહવા, પેટ્રોલ પંપની સામે, તા.આહવા,
જી.-ડાંગ પીન:૩૯૪૭૧૦
કચેરીનો સંપર્ક નંબર: ૦૨૬૩૧-૨૨૦૨૦૩ નાયબ વન સંરક્ષક
ક્રમાંક:માહિતી/ડાંગ/૧૨૬/૨૦૨૬ ઉત્તર ડાંગ વન વિભાગ આહવા

ઓફલાઈન ટેન્ડર જાહેરાત-૦૨/૨૦૨૬-૨૭
કડોદરા નગરપાલિકા, જી. સુરત
ટૂંકી મુદતની ઓફલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈજારદારશ્રીઓને જણાવવાનું કે, કડોદરા નગરપાલિકા, જી. સુરત વિસ્તારમાં જાહેર મિલકતો ઉપર લાઈટ/રોશની શણગાર કરવાની કામગીરી માટે રસ ધરાવતી એજન્સી તારીખ- ૨૮/૧૦/૨૦૨૬ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં કડોદરા નગરપાલિકા ઓફીસથી ટેન્ડરની ફીઝીકલ કોપી લઇ શકશે. અને માંગેલ ડોક્યુમેન્ટ સાથે ફીસિકલ ડોક્યુમેન્ટ પહોંચાડવાની તારીખ-૨૯/૧૦/૨૦૨૬ સુધીની રહેશે. સદર કામગીરી અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર
ક્રમાંક. માહિતી-સૂરત/૭૯૭/૨૦૨૬ કડોદરા નગરપાલિકા

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ
IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી) અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા (નિયમ ૩) હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તા હેઠળ ડીમાન્ડ નોટીસ બજાવીને અહીં નીચે જણાવેલ દેવાદાર/સહદેવાદાર અને જામીનદારો ને નોટીસમાં દર્શાવેલ રકમ વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત સંપૂર્ણ ચુકવણી આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/સહદેવાદારો/જામીનદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/સહદેવાદારો/જામીનદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની ૧૩ની પેટા કલમ (૪) એકટના રૂલ ૮ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

લોન ખાતા નંબર	દેવાદારો/સહદેવાદારો અને જામીનદારોના નામ	ગીરવે મુકેલી સ્થાયી મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટીસની તારીખ	ડીમાન્ડ નોટીસની બાકી રકમ	કબજાનો પ્રકાર અને કબજો લીધાની તારીખ
૧૩૦૫૩૧૮૬	૧. રામેશ્વર રામયસ શુકલા ૨. રૂપા રામેશ્વર શુકલા	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે નક્ષત્ર રેસીડેન્સી ના પ્લોટ નં.૩૯૫ માપ આશરે ૫૬ ચો.વાર એટલે ૪૬.૮૪ ચો.મી (કેજેપી પછી બ્લોક નં.૨૫૬/૩૯૫ ની જગ્યા માપ ૪૬.૩૮ ચો.મી) વિકસીત થયેલ જમીન રેવન્યુ સર્વે નં.૨૧૪, બ્લોક નં.૨૫૬,એન.એ જમીન પૈકી ગામ.જોલવા, સબ-ડિસ્ટ્રીકટ અને તા. પાલસાણા, જી.સુરત, ગુજરાત-રાજય-૩૯૪૧૮૫ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં.૩૫૪, **પશ્ચિમ તરફ** : સોસાયટીનો રોડ , **ઉત્તર તરફ** : પ્લોટ નં.૩૯૪, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૩૯૬, આવેલ છે.	૩૦.૦૭.૨૦૨૬	રૂ. ૧૦,૩૨,૯૨૪.૭૩/-	૨૧.૧૦.૨૦૨૬ કબજો
૧૫૦૦૭૩૫૯	૧.રમેશ ગોકુલ પાટીલ ૨. સંગીતાબેન પાટીલ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે નક્ષત્ર રેસીડેન્સી ના પ્લોટ નં.૨૨૮ ની જગ્યા માપ આશરે ૫૬ ચો.વાર એટલે ૪૬.૮૪ ચો.મી (કેજેપી પછી બ્લોક નં.૨૫૬/૨૨૮ માપ ૪૬.૮૮ ચો.મી) ના વણવહેચાયેલ હિસ્સા સહિત માપ ૨૮.૫૭ ચો.મી, રોડ અને સીઓપી, જમીન રેવન્યુ સર્વે નં.૨૧૪, બ્લોક નં.૨૫૬,જમીન પૈકી ગામ.જોલવા, સબ-ડિસ્ટ્રીકટ અને તા. પાલસાણા, જી.સુરત, ગુજરાત-રાજય-૩૯૪૩૨૭ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં.૨૫૭, **પશ્ચિમ તરફ** : સોસાયટીનો રોડ , **ઉત્તર તરફ** : પ્લોટ નં.૨૨૭, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૨૨૯, આવેલ છે.	૨૭.૦૭.૨૦૨૬	રૂ. ૧૦,૪૮,૬૩૯.૮૭/-	૨૧.૧૦.૨૦૨૬ કબજો

ખાસ કરીને દેવાદારો /સહદેવાદારો / જામીનદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી) ની અહીં નીચે દર્શાવેલ રકમ કરાર આધારિત વ્યાજને આધીન રહેશે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
તારીખ : ૨૧ ઓકટોબર ૨૦૨૬
સ્થળ : સુરત,ગુજરાત